# CRESTCHEM LIMITED

**Corporate Office**:303B, Central Business Space, Opp: Fortune Land Mark Hotel, Opp: HDFC Bank, Near Usamanpura Cross Road, Ashram Road, Ahmedabad-380013.Phone: +91-9409119484,**Email:** info@crestchemlimited.in
GST Number : 24AAACC8722C1Z5, **CIN NO. L24100GJ1991PLC015530 WEBSITE:** www.crestchemlimited.in

18/12/2024

To,

The Bombay Stock Exchange Ltd.
The Department of Corporate Services,
Phiroz Jeejeebhoy Tower,
Dalal Street,
Mumbai -400001
BSE Code - 526269

Dear Sir,

Sub. : Announcement under Regulation 30 (LODR) – News Paper Publication With regard to captioned subject, we enclosed herewith copy of e-newspaper of notice of postal ballot has been published on Lokmitra Gujarati (Gujarati News paper) and Freepress Gujarat (English Newspaper) 18/12/2024.

This is for your information and records pursuant to regulation 47 of SEBI ( LODR) regulation 2015.
Yours Truly
For, Crestchem Limited

KHYATI VYAS Digitally signed by KHYATI VYAS Date: 2024.12.18 12:58:00 +05'30'

Khyati Vyas
Company Secretary
ACS25742

# સનાથન ટેક્સટાઈલ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર ગુરુવાર, ૧૯ ડિસેમ્બરના રોજ ખુલશે




અમદાવાદ, સનાથન ટેક્સટાઈલ લિમિટેડ ત્રણ બિઝનેસ વર્ટિકલ્સમાંથી ટેક્સટાઈલ યાર્નના ઉત્પાદનના વ્યવસાયમાં સંકળાયેલ છે. આ ત્રણ વર્ટિકલ્સમાં પોલિએસ્ટર યાર્ન, કોટન યાર્ન પ્રોડક્ટ્સ અને યાર્નનો સમાવેશ થાય છે.આ યાર્નનો ઉપયોગ ટેકનિકલ ટેક્સટાઈલ અને ઔદ્યોગિક માટે થાય. છે. યાર્ન, બનાવતી કંપનીની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૧૦/- ની મૂળ કિંમતના ઈક્વિટી શેર માટે શૅર દીઠ રૂ. ૩૦૫/- થી રૂ. ૩૨૧/- ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("IPO" અથવા "ઓફર") ગુરુવાર, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખૂલશે અને સોમવાર, ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૪૬ ઈક્વિટી શેર માટે બિડ ભરી શકે છે અને ત્યારબાદ ૪૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ ભરી શકે છે. IPO રૂ. ૪૦૦૦ મિલિયન સુધીના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧૫૦૦ મિલિયન સુધીના ઓફર ફોર સેલનું મિશ્રણ છે. કંપની તેના ફ્રેશ ઈશ્યૂમાંથી મેળવેલી રકમનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલા તેના બાકી રહેલા કેટલાક ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અથવા પૂર્વ-ચુકવણી માટે રૂ. ૧૬૦૦ મિલિયન સુધી કરવામાં આવશે; તેની પેટાકંપનીમાં રોકાણ માટેરૂ. ૧૪૦૦ મિલિયન જેમ કે. સનાથન પોલીકોટ પ્રાઈવેટ લિમિટેડ, તેની પેટાકંપની સનાથન પોલીકોટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને/અથવા પૂર્વ-ચુકવણી માટે; અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે ઉપયોગમાં લેશે. (૩-૧)

# ૩૧મી ડિસેમ્બરથી રેલવે ક્રોસિંગ નં. ૨૪૩ ડી-કેબિન ફાટક કાયમી ધોરણે બંધ રહેશે

અમદાવાદ, અમદાવાદ મંડળ પર અમદાવાદ-પાલનપુર સેક્શનના સાબરમતી-ખોડિયાર સ્ટેશન વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૨૪૩ ડી-કેબિન ફાટક (કિમી.૭૭૬/૪-૫) ની જગ્યાએ રોડ અંડર બ્રિજ (આરયુબી) નિર્માણ થઈ ગયું છે. તદનુસાર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ થી આ રેલ્વે ફાટક રોડ ટ્રાફિક માટે કાયમી ધોરણે બંધ કરવામાં આવશે. રોડ યુઝર્સ નવા બનેલા રોડ અંડર બ્રિજ (આરયુબી) દ્વારા અવર જવર કરી શકશે.

# આબુ રોડ-માવલ સ્ટેશનો વચ્ચે એન્જિનિયરિંગ કામ માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ, ઉત્તર પશ્ચિમ રેલવે અજમેર મંડળના આબુ રોડ – માવલ સેક્સન વચ્ચે બ્રિજ નંબર ૭૯૭ કિમી ૬૦૧/૮-૯ પર આરસીસી બોક્સ લોન્ચિંગ કરવા માટેના પ્રસ્તાવિત બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને અસરપ્રભાવિત થશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:- આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન - ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, જોધપુરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આબુ રોડ-સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. ૧૮ ડિસેમ્બર ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ આબુ રોડથી શોર્ટ ઓરિજિનેટ થશે અને સાબરમતી-આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. રીશેડ્યુલ (લેટ) ટ્રેન - ૧૬મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ શ્રીગંગાનગરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૭૦૧ શ્રીગંગાનગર-બાંદ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ શ્રીગંગાનગરથી ૪.૦૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે. ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લાલગઢથી ચાલતી ટ્રેન નંબર ૧૪૭૦૭ લાલગઢ-દાદર રણકપુર એક્સપ્રેસ લાલગઢથી ૨.૦૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે. ૧૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ભગત કી કોઠીથી ચાલતી ટ્રેન નંબર ૧૧૦૮૯ ભગત કી કોઠી-પુણે એક્સપ્રેસ ભગત કી કોઠીથી ૦૩.૩૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે. રેગ્યુલેટ (લેટ) ટ્રેન - ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર ૨૨૫૪૮ સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસને માવલ સ્ટેશન પર ૧૨ મિનિટ રેગ્યુલેટ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, માર્ગ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદના પેસેન્જરોની સુવિધામાં માટે ભારતના ચાર મહત્વના શહેરોની જોડતી ડાયરેક્ટ ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવી

અમદાવાદ, અમદાવાદના મુસાફરોને હવે મહત્વના ચાર શહેરોમાં મુસાફરી કરવી વધુ સરળ બની છે. અમદાવાદના મુસાફરોને હવે મહત્વના ચાર શહેરોમાં મુસાફરી કરવી વધુ સરળ બની છે. આજથી કોચિન, ત્રિવેન્દ્રમ, કોલકાતા અને ગુવાહાટી જવા માટે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા અમદાવાદથી સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. જણાવી દઈએ કે અમદાવાદથી કોલકાતા જવા માટે ફક્ત એક ફ્લાઈટ કાર્યરત જ હતી, પરંતુ પેસેન્જરના ધસારાને પગલે હવે સાંજના સમયે બીજી ફ્લાઈટની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. ઈન્ડિયો એરલાયન્સ દ્વારા અમદાવાદના મુસાફરોને વધુ સુવિધા આપવામાં આવી છે. શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વધુ ચાર નવી ફ્લાઈટ શરૂ કરતા મુસાફરી વધુ આરામદાયક બનશે. આજથી અમદાવાદ-ત્રિવેન્દ્રમ અને કોચિન, અમદાવાદ ગુવાહાટી અને અમદાવાદ કોલકાતાની સીધી ફ્લાઈટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદથી કોલકાતા જવા માટે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા હાલ એક ફ્લાઈટ ચાલી જ રહી છે અને હવે એરલાઈન્સ દ્વારા વધુ એક ફ્લાઈટનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે. જાણો કઈ ફ્લાઈટ ક્યારે ઉડાન ભરશે અમદાવાદથી ત્રિવેન્દ્રમની ફ્લાઈટની સપ્તાહમાં ચાર દિવસ ઉડાન ફરશે. આ ફ્લાઈટ અમદાવાદથી દર સોમવાર, બુધવાર, શુક્રવાર અને રવિવારે સાંજે ૪:૨૫ કલાકે ઉડાન ભરશે અને સાંજે ૭:૦૫ કલાકે ત્રિવેન્દ્રમ પહોંચશે. ત્રિવેન્દ્રમથી આ ફ્લાઈટ સાંજે ૭:૩૫ કલાકે ઉડાન ભરશે, જે અમદાવાદ રાત્રે ૯:૫૫ કલાકે પહોંચશે. અમદાવાદથી કોચિન ફ્લાઈટ સપ્તાહમાં મંગળવાર, ગુરુવાર અને શનિવારે એમ ત્રણ દિવસ ચાલશે, જે અમદાવાદ એરપોર્ટ પરથી બપોરે ૪:૨૫ કલાકે ઉડાન ભરશે અને સાંજે ૬:૪૫ કલાકે કોચિન પહોંચાડશે. કોચિનથી અમદાવાદ આવવા માટે એ જ દિવસે સાંજે ૭:૧૫ કલાકે કોચિનથી ઉડાન ભરશે અને રાત્રે ૯:૫૦ કલાકે અમદાવાદ પહોંચશે.

અમદાવાદથી ગુવાહાટી જવા માટે ઈન્ડિગોની ડેઈલી ફ્લાઈટ મળશે, જે અમદાવાદથી સવારે ૮:૩૦ કલાકે ઉડાન ફરશે અને સવારે ૧૧:૧૫ કલાકે ગુવાહાટી પહોંચશે. ગુવાહાટીથી અમદાવાદ આવવા માટે સાંજે ૪:૫૫ કલાકે ઉડાન ભરશે અને રાત્રે ૮:૩૫ કલાકે અમદાવાદ પહોંચશે. કોલકાતા જવા માટે હવે અમદાવાદ એરપોર્ટ પરથી રાત્રે ૯:૨૦ કલાકે ફ્લાઈટ ઉડાન ભરશે, જે રાત્રે ૧૧:૪૫ કલાકે કોલકાતા પહોંચાડશે. કોલકાતાથી અમદાવાદ આવવા માટે બપોરે ૧૨:૫૦ કલાકે ઉડાન ભરશે, જે બપોરે ૩:૪૫ કલાકે અમદાવાદ પહોંચાડશે.

# બિલ વિસ્તારના રહીશોની રજૂઆત : ટ્રાફિક સમસ્યાને લીધે ત્રણ કિ.મી. પસાર કરતા દોઢ કલાકનો સમય લાગે છે

વડોદરા,

વડોદરા શહેરમાં સમાવિષ્ટ સાત ગામોમાંથી કોર્પોરેશન દ્વારા વેરાની વસુલાત કરવામાં આવે છે પરંતુ પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં આવતી નથી. જે અંગે ગઈકાલે બિલ વિસ્તારની ૫૦ થી ૬૦ સોસાયટીના રહીશોએ સ્થાનિક કોર્પોરેટરો સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી. જેમાં પ્રાથમિક સુવિધાઓનો ઝડપી અમલ થાય તેવી ખાતરી આપી હતી.

વડોદરા શહેરમાં પાંચ વર્ષ પૂર્વે આજુબાજુના સાત ગામોનો સમાવેશ કોર્પોરેશનની હદમાં કરવામાં આવ્યો હતો તે સમયે સ્થાનિક રહીશોએ વિરોધ કર્યો હતો પરંતુ વિરોધ છતાં સાત ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે બાદ કોર્પોરેશન દ્વારા સાત ગામના વિસ્તારમાંથી વેરાની વસૂલાત પણ શરૂ કરી દેવામાં આવી છે છતાં પણ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવતી નથી. જેથી અવારનવાર લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. ગઈકાલે બિલ વિસ્તારના સ્થાનિક રહીશોએ ભાજપના કોર્પોરેટર સાથે એક મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં સ્થાનિક લોકોને પડતી મુશ્કેલી અંગે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

બિલ ગામ અને તેની આસપાસની ૫૦ થી ૬૦ સોસાયટીના રહીશોએ ભેગા થઈ રજૂઆત કરી હતી. સ્થાનિક રહીશોએ અટલાદરાથી બિલ સુધી માત્ર ત્રણ કિલોમીટર રસ્તો પસાર કરી ઘરે પહોંચવા માટે એક થી દોઢ કલાકનો



સમય લાગી જાય છે. ટ્રાફિક જામને કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે તેનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

બિલ ગામ અને તેની આસપાસની સોસાયટીઓમાં ડ્રેનેજ રસ્તા પાણી અને સ્ટ્રીટ લાઈટની અપૂરતી સુવિધા હોવાને કારણે લોકોને હેરાનગતિ થઈ રહી છે અવારનવાર ડ્રેનેજ ઉભરાતી હોવા અંગે તેમ જ રસ્તા બિસ્માર થઈ ગયા છે તે અંગે કોર્પોરેશનમાં રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં કોઈ ઉકેલ આવતો નથી જેથી આજે સ્થાનિક કોર્પોરેટરોને રૂબરૂ બોલાવી રજૂઆતો કરવામાં આવી છે. સાથે-સાથે સ્થાનિક રહીશોએ જો આ પ્રશ્નોનો ઉકેલ આવશે નહીં તો મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી ઓનલાઈન ફરિયાદ પણ કરીશું. તેવી ચીમકી ઉચ્ચારી હતી.

ભાજપના કોર્પોરેટર મનીષ પગારએ સ્થાનિક રહીશોને જણાવ્યું હતું કે તમારા વિસ્તારના જે કોઈ પ્રશ્નો હોય તે સીધા કોર્પોરેશનમાં રજૂઆત કરવાને બદલે અમારા સ્થાનિક કોર્પોરેટરોને પહેલા જાણ કરવામાં આવે કારણકે રોજબરોજ કોર્પોરેશનના અધિકારીઓ સાથે સંપર્કમાં હોઈએ છીએ સાથે સાથે આ વિસ્તારનો વિકાસ થયો છે જેથી ટ્રાફિકની સમસ્યા વધી છે. તેના ઉકેલ માટે પણ આગામી દિવસમાં યોગ્ય જરૂરી પગલાં ભરવામાં આવશે. ગઈકાલે બિલ વિસ્તારના સ્થાનિક રહીશોએ ભાજપના કોર્પોરેટર સાથે એક મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં સ્થાનિક લોકોને પડતી મુશ્કેલી અંગે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**વિવિધ સિગ્નલીંગ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/24-25/12/SIG તા.13-12-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત સિની. ડીએસટીઈ/વડોદરા ટેન્ડર નં. SandT_ BRC_24-25_12_SIG સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી તેમની અસલ/સુધારેલી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ પ્રાપ્ત થયેલ મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **(1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** થર્ડ પાર્ટી ઓડિટ રિપોર્ટની ભલામણો મુજબ વડોદરા ડિવિઝનના અંકલેશ્વર અને ભરૂચ સ્ટેશનો વચ્ચે કિ.મી. 323/32 થી 325/10 દરમિયાન બ્રિ. નં. 502 (નર્મદા નદી)ના પુનઃસ્થાપનના કામના સંબંધમાં સિગ્નલીંગ સામગ્રીની આંશિક આપૂર્તિ કરવાનું, MS થ્રુ, MS ચેનલ, S&T કેબલ્સ મુક્ત કરવાનું અને સિનિ. સેક્શન એન્જિનિયરના સ્ટોર સુધી પરિવહન કરવાનું અને અન્ય સિગ્નલીંગ કામ કરવાનું કામ **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 80,26,041.04 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 1,60,500.00 **(4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.07-01-2025** ના 15:00 કલાકે અને **તા.07-01-2025** ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **(5) વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ http://www.ireps.gov.in** સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.


BRC-250

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# રાજ્યના રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા 'મેન્ટર પ્રોજેક્ટ' ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો

રાજ્યના રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા 'મેન્ટર પ્રોજેક્ટ' ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં બે કે તેથી વધુ મિલકત વિરૂધ્ધના ગુનામાં પકડાયેલા આરોપીઓ અને ૧ કે તેથી વધુ નાર્કોટીકસના ગુનામાં પકડાયેલા આરોપીઓનો આ પ્રોજેકટમાં સમાવેશ કરાયો છે. 'મેન્ટર પ્રોજેક્ટ' અન્વયે નિમણૂક પામેલા પોલીસ મેન્ટર્સને દરેક જીલ્લાઓમાં અસરકારક તાલીમ અપાઈ છે. આરોપી ફરીથી કોઈ ગુનો ન કરે તે સતત વોચ રાખવી અને આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાય તેવા પ્રયત્નો કરવાની મેન્ટરની મુખ્ય જવાબદારી રહેતી હોય છે. મેન્ટર તરીકે નિમણૂક પામેલા પોલીસ કર્મચારીની ત્રણ મુખ્ય જવાબદારી છે. (૧) મેન્ટરને સોંપવામાં આવેલો આરોપી ફરીથી કોઈ ગુનો ન કરે તે માટે જરૂરી સર્વેલન્સ રાખવું અને દિવસમાં ઓછામાં ઓછું ત્રણ વખત ટેકનોલોજીના ઉપયોગથી એમનું લોકેશન કયાં છે તે જાણી લેવું. (૨) આરોપીઓનું સંપૂર્ણ ડોઝીયર તૈયાર કરવું. (૩) આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાય તે બાબતે પ્રયત્નો કરવા. રાજયના પોલીસ વડા વિકાસ સહાયદ્વારા સમગ્ર ગુજરાતમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂદ્ધના ગુનાઓ તથા નાર્કોટિક્સ દ્રહૃઁજી એક્ટના ગુન્હાઓમાં પકડાયેલા આરોપીઓ ઉપર સર્વેલન્સ રાખવા માટે 'મેન્ટર પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો હતો. જેને પરિણામે વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ચાલુ વર્ષે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં રાજયમાં અંદાજે ૨૨ ટકાનો ઘટાડો થયો છે. સમગ્ર રાજયમાં આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬૫૦૦ રીઢા આરોપીઓનું ડેઈલી સર્વેલન્સ રાજયના પોલીસ વડા વિકાસ સહાયએ સૂચના આપી છે. તા. ૨૮/૧૧/૨૦૨૪ થી તા. ૦૫/૧૨/૨૦૨૪ દરમિયાન આ 'મેન્ટર પ્રોજેક્ટ' અન્વયે નિમણૂક પામેલા પોલીસ મેન્ટર્સ માટે દરેક જિલ્લાઓમાં તાલીમ શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પોલીસ ભવન ખાતેથી તૈયાર કરવામાં આવેલા એક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજયના તમામ મેન્ટર્સને આ તાલીમ શિબીરમાં માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી હતી. જેથી આ 'મેન્ટર પ્રોજેકટ'ને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવી શકાય. 'મેન્ટર પ્રોજેક્ટ' ના અસરકારક અમલીકરણ થકી ભવિષ્યમાં ગુજરાત પોલીસને મિલકત વિરૂધ્ધના ગુનાઓ તથા નાર્કોટીકસના ગુનાઓ અટકાવવા માટે વધુ સફળતા મળશે. સમગ્ર રાજયમાં આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬૫૦૦ રીઢા આરોપીઓનું ડેઈલી સર્વેલન્સ રાજયના પોલીસ વડા વિકાસ સહાયએ સૂચના આપી છે. આરોપી ફરીથી કોઈ ગુનો ન કરે તે સતત વોચ રાખવી અને આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાય તેવા પ્રયત્નો કરવાની મેન્ટરની મુખ્ય જવાબદારી રહેતી હોય છે.

# બોબકાર્ડ લિમિટેડ લોન્ચ કર્યું ટિયારા, મહિલાઓ માટે પ્રથમ વખત લોન્ચ કરવામાં આવેલ પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ




અમદાવાદ, બેંક ઓફ બરોડાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બોબકાર્ડ લિમિટેડે પ્રથમ વખત મહિલાઓની નાણાકીય સ્વતંત્રતાને સમર્થન આપવા, સશક્ત કરવા અને ઉજવણી કરવા માટે તૈયાર કરવામાં આવેલ મહિલા-કેન્દ્રિત ક્રેડિટ કાર્ડ, ટીયારા લોન્ચ કરવાની જાહેરાત કરી. RuPay નેટવર્ક પર આ નવું લોન્ચ થયેલું પ્રીમિયમ બોબકાર્ડ વિશિષ્ટ રીતે આજની મહિલાઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ ટીયારા ક્રેડિટ કાર્ડ ક્રેડિટ કાર્ડની વિશેષતાઓ સહીત ભવ્યતાનું સંયોજન છે, જે મુસાફરી, ભોજન, જીવનશૈલી, મનોરંજન અને આરોગ્યની શ્રેણીમાં અદભુત રિવોર્ડ્સ અને લાભો પ્રદાન કરે છે. ભારતીય મૉડલ અને અભિનેતા, પિંકાથોનના સ્થાપક મિલિંદ સોમન, યોગા પ્રેક્ટિશનર અંકિતા કોંવર અને બોબકાર્ડ લિમિટેડના એમડી અને સીઈઓ રવિન્દ્ર રાય દ્વારા મહિલાઓની શક્તિ, હિમ્મત અને ભાવનાની ઉજવણી કરતા મંચ-પિંકાથોન ખાતે ટિયારા કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ મિન્ત્રા, નાયકા, ફ્લિપકાર્ટ, લેકમે સલૂન, અર્બન કંપની, બુક માય શૉ, બિગ બાસ્કેટ, સ્વિગી વન, એમેઝોન પ્રાઈમ અથવા ડિઝની હોટસ્ટાર, ગાના પ્લસ, અને ફિટપાસ સહિતની અગ્રણી બ્રાન્ડ્સ તરફથી ૩૧,૦૦૦★ સુધીના મૂલ્યના કોમ્પ્લિમેન્ટરી વાઉચર્સ અને મેમ્બરશિપ ઓફર કરે છે. (૪)

# જામનગર જીલ્લામાં વીજતંત્ર દ્વારા પખવાડિયાના વિરામ બાદ ફરીથી વીજ ચેકિંગ શરૂ

જામનગર, જામનગર શહેરમાં તેમજ લાલપુર અને જામજોધપુર પંથકમાં પખવાડિયાના વિરામ બાદ ગઈકાલે વીજ તંત્ર દ્વારા ફરીથી વીજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને ૩૯ વિજ ચેકીંગ ટુકડીઓને દોડતી કરાવાઈ હતી. અને ચેકિંગ દરમિયાન ૯૨ વિજ જોડાણમાંથી ગેરરીતિ મળી આવી છે, અને તેઓને ૫૭.૬૨ લાખના વીજ ચોરીના પુરવણી બિલો અપાયા છે.

જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીની ચેકિંગ ડ્રાઇવ દ્વારા ગઈકાલે સોમવારે સવારે જામનગર શહેરના હનુમાન ટેકરી વામ્બે આવાસ, બેડેશ્વર, પુનિત નગર, ધરાર નગર સહિતના શહેરી વિસ્તારોમાં તેમજ લાલપુર તાલુકા અને જામજોધપુરના વાલાસણ અને સીદસર સહિતના રૂરલ એરિયામાં સામુહીક રીતે વિજ ચેકીંગ હાથ કરવામાં આવ્યું હતું.

૩૯ જેટલી વિજ ચેકિંગ ટુકડીને વહેલી સવારથી દોડતી કરવામાં આવી હતી.

# CRESTCHEM LIMITED

**CIN Number : L24100GJ1991PLC015530**

**CORPORATE OFFICE :**303 B Central business Space, Opp. Fortune Landmark Hotel, Opp. HDFC Bank, Near Usmanpura Cross Road, Ahmedabad -380013, Phone : 079- 46008164/ 09023018979

**Reg Off :** Sr. No.550/1, Sub Plot No. 12, Village - Indrad, Taluka - Kadi, District - Mehsana, Pin code - 382715, Gujarat

**Phone :** +91 - 9409119484

**Email :** info@crestchemlimited.in www.crestchemlimited.in

## NOTICE OF POSTAL BALLOT FOR E-VOTING

Notice is hereby given to the Members of Crestchem Limited ( The Company) pursuant to the provisions of Section 108 and Section 110 of the Companies Act. 2013 ( the act) read with Rule 20 and Rule 22 of the Companies ( Management and Administration) Rules, 2014 ( the rules) , Secretarial Standard -2 on general meeting (the SS-2) Regulation 44 of the Securities and Exchange Board of India ( Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ( the listing regulations) including any statutory modification (s), clarification (s), substitution(s) or re - enactment(s) thereof for the time being in force, guidelines prescribed by the Ministry of Corporate Affairs (the MCA) for holding general meeting /conducting postal ballot process through e- voting vide General Circular Nos. 14/2020 dated 8 April, 2020 , 17/2020 dated 13 April 2020, 22/2020 dated 15 June 2020, 33/2020 dated 28 September 2020, 39/2020 dated 31 December 2020, 10/2021 dated June 23, 2021 , 20/2021 dated December 8, 2021, 3/2022 dated May 05, 2022, 10/2022 dated December 28,2022 and 09/2023 dated September 25,2023 (collectively "MCA Circulars"), the Company has completed the dispatch of Postal Ballot Notice on 16/ 12/2024 only by email to all its shareholders holding shares as on cut off date i.e. Friday , 13 December, 2024 and who have registered their email addresses with the Company/ Registrar and Share Transfer Agent ( RTA) or Depository, to transact the following special business by the members of the Company through Postal Ballot by remote e- voting only.

1. To approve the re- classification of Shareholding from " Promoter and Promoter Group Category to Public Category

Members whose names are recorded in the Register of members maintained by RTA and or the Depositories as on the cut off date i.e. Friday, 13 December, 2024 will be entitled to cast their votes by remote e-voting. A person who is not a Member on the cut -off date should accordingly treat the Postal Ballot Notice as for information purposes only.

In accordance with the circular, the physical copies of the Notice, Postal Ballot Forms and pre-paid business reply envelops are not being sent to the members for this Postal Ballot and the communication of assent/ dissent of the Members will only take place through the remote e- voting system only.

In this regard, the Postal Ballot Notice along with the Explanatory Statement, instructions and manner of E voting process can be downloaded from website of the BSE Limited at www. bseindia.com and www.crestchemlimited.in

The company has engaged the services of CDSL for the purpose of providing e-voting facility to all its Members. The e-voting period will commence from Monday , 23rd December, 2024 At 09:00a.m. and end on Wednesday, 22nd January, 2025 at 05:00 pm . The e-voting module shall be disabled by CDSL for voting thereafter. The detail procedure for e-voting is given in the Notice of Postal Ballot.

The members who have not yet registered their email addresses are requested to get their email addresses registered with the Registrar and Transfer Agent of the Company or with the depository participant/ depository. The Board of Directors has appointed

PCS Mehul Raval & Associates Practicing Company Secretary (Membership No. A-28155 COP No. 10500,) as the Scrutinizer for conducting the Postal Ballot process in a fair and transparent manner.

In case of any queries you may refer the Frequently Asked Questions ( FAQS) for Shareholders and e-voting user manual for Shareholders. Members who need assistance can contact Mr. Rakesh Dalvi, Sr. Manager, (CDSL, ) Central Depository Services (India) Limited, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N M Joshi Marg, Lower Parel (East), Mumbai - 400013 or send an email to helpdesk.evoting@cdslindia.com or call toll free no. 1800 22 55 33.

**Date : 18-12-2024**
**Place : Ahmedabad**

**FOR, CRESTCHEM LTD.**
**Sd/-**
**Khyati Yyas**
**Company Secretary and Compliance officer -Acs25742**

# શ્રીરામ હાઉસિંગ ફાઇનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE

રજીસ્ટર્ડ ઓફિસઃ શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, ડોર નં. ૫, જૂનો નં. ૧૧, બીજો લેન, સેનાટોફા રોડ, અલવરપેટ, તેયનામપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૮.
હેડ ઓફિસ : લેવલ-૧, વોકહાર્ડ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨, જી બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટઃ http://www.shriramhousing.in

## સાંકેતિક કબ્જા નોટીસ

જયારે, શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એસએચએફએલ) ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ છે તે નાણાકીય અસ્કયામતોની સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જણાવેલ કાયદા) ની જોગવાઈઓ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરે છે. સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ ૩ સાથે વાંચેલા આ અધિનિયમ, ૨૦૦૨ (કથિત નિયમો) એ ઉધાર લેનારાઓને ડિમાન્ડ નોટિસ જારી કરી હતી જેની વિગતો ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે નીચેના કોષ્ટકમાં ઉલ્લેખિત છે.

ઋણ લેનારાઓ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો પ્રતિકાત્મક કબજો મેળવ્યો છે. ૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે અધિનિયમ વાંચો.

ખાસ કરીને લોન લેનારને અને સામાન્ય રીતે જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશેજે નીચે દર્શાવેલ રકમ માટે તેના પર વ્યાજ સાથે રહેશે.

ઋણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટાકલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

**દેવાદારનું નામ અને સરનામું**

૧. ગોંડલિયા શોભનાબેન મનહરદાસ,
૨. મનહરદાસ મુળદાસ ગોંડલીયા,
સરનામું : છાપરા, દેવગામ, ગણેશ મંદિર પાસે, સામે. આર.કે. સોસાયટી, રાજકોટ-૩૬૦૦૨૧.
મિલકતનું સરનામું : ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, કલ્પસૂત્ર એપાર્ટમેન્ટ, ભવાની ચોક પાસે, નાગેશ્વર પાર્શ્વનાથ પ્લોટ, પ્લોટ નં. ૧૪, નાગેશ્વર મુખ્ય માર્ગ, નાગેશ્વર મંદિર પાસે, યુનિ કેર હોસ્પિટલ રોડ, સેઠ નગર પાસે, ઓફ જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૬

**માંગણા નોટિસ મુજબ રકમ**

રૂ. ૧૨,૮૦,૦૯૩/- (રૂપિયા બાર લાખ એંસી હજાર ત્રાંણું માત્ર) લોન એકાઉન્ટ નંબર SHLHRAJK0001213ના સંદર્ભમાં ૦૫-૦૯-૨૦૨૪ ના રોજનોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર વધુ વ્યાજ અને અન્ય ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે.
૧૩(૨) સૂચના તારીખ.૧૨/૦૯/૨૦૨૪

**ગીરો મિલકતનું વિવરણ**

'કલ્પસૂત્ર એપાર્ટમેન્ટ' નો રહેણાંક ફ્લેટ નં. ૪૦૩, ઘંટેશ્વર રેવન્યુ સર્વે નં. ૨૮ પાઈકી બિલ્ટ અપ એરિયા ૩૭.૦૦ ચો. મી. ના પ્લોટ નં. ૧૪ ની કુલ ૩૯૧.૮૨ ચોરસ મીટર જમીન પર પડેલી ઈમારતો. પેટા જિલ્લો : રાજકોટ.
મિલકતની સીમાઓ : ઉત્તર : અન્યની મિલકત પછીનો માર્જીન, દક્ષિણ : ફ્લેટ નં. ૪૦૪, પૂર્વ : અન્યની મિલકત પછીનો માર્જિન, પશ્ચિમ : ફ્લેટ નં. ૪૦૧ પછીનો ભાગ

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૬-૧૨-૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.

# ટોટલ ની-રિપ્લેસમેન્ટ સર્જરી અંગે દર્દીઓની ધારણા બદલાઈ રહી છે




અમદાવાદ, વૈશ્વિક સ્તરે લાખો લોકોમાં સાંધાના દુખાવાની ફરિયાદ છે, ત્યારે ટોટલ ની-રિપ્લેસમેન્ટ સર્જરીમાં આધુનિકતાથી દર્દીઓના જીવનમાં સુધારાની સાથે સાથે સર્જરીના ધારણોમાં બદલાવ આવ્યો છે. નવીનતમ રોબોટિક આસિસ્ટેડ ની-રિપ્લેસમેન્ટથી નોંધપાત્ર રીતે દર્દીમાં સારા અને સંતોષકારક પરિણામમાં વધારો થયો છે, જેઓ એક સમયે સર્જરીથી ડરી રહ્યાં હતા અથવા તેને ટાળતા હતા તેમનામાં વ્યક્તિગત રીતે આત્મવિશ્વાસમાં વધારો થઈ રહ્યો છે. PMG હોસ્પિટલ, અમદાવાદના અગ્રણી રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ નિષ્ણાત ડો. હિરેન પટેલ કહે છે કે, "આજે દર્દીઓ તેમના આરોગ્યસંભાળ વિકલ્પો વિશે વધુ માહિતગાર અને સમજદાર થયા છે, ખાસ કરીને રોબોટિક સર્જરી વધુ ચોક્કસ, ટૂંકા ગાળામાં સાજા થવા સાથે ઉમદા પરિણામો પ્રદાન કરે છે. ની-રિપ્લેસમેન્ટ સર્જરી અંગેની ધારણા એક ભયાવહથી હવે સક્રિય ઉપાય અને અસરકારક પસંદગી તરફ બદલાઈ રહી છે, જે લાંબા ગાળાની રાહત અને ગતિશીલતા પ્રદાન કરે છે." રોબોટિક-આસિસ્ટેડ ની-રિપ્લેસમેન્ટ, સર્જનોને દરેક દર્દીની શરીરરચના અનુસાર પ્રક્રિયા કરવાની મંજૂરી આપે છે, જેના પરિણામે વધુ ચોક્સાઈથી સર્જિકલ પ્રક્રિયા થાય છે. આ ચોકસાઈને કારણે સર્જરીમાં સમસ્યાઓ ઓછી સર્જાય છે અને ઝડપી સાજા થવાનો દર વધે છે, જે યુવાનો, ગંભીર દર્દીઓ અને ડીજનરેટિવ જોઈન્ટ ડિસિસ ધરાવતા લોકો માટે આકર્ષક પસંદગી બની છે. (૧૯-૧)


# NAREDCO ગુજરાત દ્વારા સૌથી વિશાળ પ્રોપર્ટી ફેસ્ટ – ૨૦૨૪નું તારીખ ૨૦,૨૧,૨૨ ડિસેમ્બર દરમિયાન આયોજન




અમદાવાદ, નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ NAREDCO ની સ્થાપના ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના નેજા હેઠળ ૧૯૯૮માં સ્વાયત્ત સ્વ-નિયમનકારી સર્વોચ્ચ રાષ્ટ્રીય સંસ્થા તરીકે કરવામાં આવી હતી. કેન્દ્રીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટર NAREDCO ના ચીફ પેટ્રન છે જ્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ NAREDCO ગુજરાતના ચીફ પેટ્રન છે. NAREDCO ગુજરાત ૨૦ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં વૈષ્ણોદેવીથી ઓગણજ ટોલ પ્લાઝા તરફ, સરદાર પટેલ રિંગ રોડ ખાતે સૌ પ્રથમવાર સૌથી મોટા પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન કરવા માટે સજ્જ છે. આ ૩ દિવસીય કાર્યક્રમ પ્રોપર્ટીમાં રસ ધરાવતા લોકો, રોકાણકારો અને ઘર ખરીદનારાઓ માટે અદ્ભુત અને અકલ્પનીય એક્સ્પો બની રહેશે. જેમાં સૌ પ્રથમવાર સૌ સહભાગી ડેવલપર્સ આ પ્રોપર્ટી એક્સ્પોમાં પ્રોપર્ટી બુક કરાવનારે ૦% સ્ટેમ્પ ડ્યુટીનો લાભ આપશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, લાઈફ કોચ અને જાણીતા વક્તા પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીના હસ્તે ૨૦ ડિસેમ્બરના રોજ સવારે ૯:૩૦ કલાકે બિગેસ્ટ પ્રોપર્ટી ફેસ્ટનું ઉદ્ઘાટન કરીને સૌ નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવશે. દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૮ કલાક સુધી નાગરિકો પ્રોપર્ટી ફેસ્ટની મુલાકાત લઈ શકે છે. આ પ્રોપર્ટી ફેસ્ટ ૪૦૦થી વધુ પ્રોપર્ટીને એક્સપ્લોર કરવાનો એક અનોખો અવસર પ્રદાન કરે છે, જેમાં આરામદાયક રહેણાંક ઘરોથી માંડીને અત્યાધુનિક કમર્શિયલ જગ્યાઓ, વીકેન્ડ રીટ્રીટ માટેના સ્થળો, પ્લોટેડ ડેવલપમેન્ટ્સ અને અન્ય ઘણુંબધું સામેલ છે. –

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

## Zayn Marie Khan joins the cast of Sony LIV's Cubicles Season 4



Ahmedabad, Sony LIV's much-loved series Cubicles is returning with its fourth season and is set to introduce an exciting new character that's sure to shake things up! This season will delve deeper into the quirky and complex world of mergers and acquisitions, bringing fresh energy and intriguing twists to the storyline. Joining the talented cast for its upcoming season is Zayn Marie Khan portraying Dhwani Mehra, a bold new addition who brings a dynamic spark to the office environment. In her late 20s, Dhwani is an accomplished professional known for her unwavering dedication and high standards. As a natural leader, she not only inspires her colleagues but also embodies the challenges faced by today's young professionals. Reflecting on her role, Zayn Marie Khan shared, "It feels like stepping into a family. The characters are so real, and the storylines capture the true essence of today's workplace. I'm thrilled to bring something new to this journey. Each episode explores not just the challenges we face in our careers but also the relationships we develop at work. It's going to be an amazing season for viewers." (20-4)

## HYATT INDIA LAUNCHES OFFICIAL INSTAGRAM PAGE



